RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 346 * Date: 07.10.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

# મતદારોના અધિકારો છીનવાયા, ભારતમાં લોકશાહી મોટા ખતરામાં : જસ્ટિસ નરીમાન




રાજકોટમાં પૂર્વ સુપ્રીમ કોર્ટ જજ જસ્ટિસ રોહિંટન નરીમાને ચૂંટણી પંચની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, યોગ્ય રીતે કામ ન કરતું ચૂંટણી પંચ નકામું છે. પશ્ચિમ બંગાળમાં ૯૩% મતદારોને ગેરકાયદે યાદીમાંથી દૂર કરાયા હતા, જે લોકશાહી માટે ખતરનાક છે. સુપ્રીમ કોર્ટે આ મામલે દખલ દેવી જોઈએ.મતદારોના અધિકારો છીનવાયા, ભારતમાં લોકશાહી મોટા ખતરામાં : જસ્ટિસ નરીમાનયોગ્ય રીતે કામ ન કરે તેવા ચૂંટણી પંચની જરૂર નથી : જ્ઞાનેશ કુમાર સામે નરીમાનનુ સ્પષ્ટ મંતવ્યમત આપવાનો અધિકાર લોકશાહીનું હૃદય, ચૂંટણી પહેલા યાદીમાંથી બહાર કરાયેલા મતદારો બાદમાં કાયદેસર જાહેર કરાયા : જસ્ટિસ રોહિંટન નરીમાનબંગાળમાં ઇચ્છા મુજબ ચૂંટણી પરિણામો માટે નાગરિકોને મત આપવાના અધિકારથી દૂર કરાયાનવી દિલ્હી : સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ વરીષ્ઠ જસ્ટિસ રોહિંટન ફલી નરીમાને તેમને ગેરકાયદે મતદાર યાદીમાંથી હટાવાયા હતા.સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામેની અરજીની સુનાવણી ચાલી રહી છે. એવા સમયે સુપ્રીમના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાન બાદ હવે સુપ્રીમના પૂર્વ ન્યાયાધીશ અને વરીષ્ઠ જસ્ટિસ રોહિંટન ફલી નરીમને પણ ચૂંટણી પંચ પર સવાલો ઉઠાવ્યા હતા અને સુપ્રીમને લાખો મતદારોના નામ યાદીમાંથી હટાવવાની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે મતદારોને ગેરકાયદે યાદીમાંથી બહાર કરી દેવાને કારણે લોકશાહી મોટા ખતરામાં મુકાઇ છે. સુપ્રીમ કોર્ટ આગળ આવે અને સિસ્ટમમાં સુધારા કરે. સુપ્રીમના પૂર્વ ન્યાયાધીશ નરીમાને વધુમાં કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં યાદીમાંથી હટાવાયેલા લગભગ ૯૩ ટકા મતદારોના મામલામાં નિર્ણય તેમની તરફેણમાં જ આવ્યો હતો, તેથી સ્પષ્ટ થાય છે કે દખલ દેવા કહ્યું હતું. જસ્ટિસ નરીમાને વધુમાં કહ્યું હતું કે યોગ્ય રીતે કામ નહીં કરનારા ચૂંટણી પંચને સહન ના કરી શકાય. નાગરિકોનો મતદાનનો અધિકાર ગંભીર ખતરામાં છે.પશ્ચિમ બંગાળમાં ૯૦ લાખ મતદારો મતદાનથી વંચીત રહી ગયા, જેમાંથી ૨૨ લાખ મતદારોએ અપીલ દાખલ કરી, બાકીના મતદારો અપીલ ના કરી શક્યા, આ એવા લોકો હશે કે જેઓ ગરીબીને કારણે ન્યાય સુધી નહીં પહોંચી શક્યા હોય. અપીલ કરનારા ૨૨ લાખ મતદારોમાંથી એક લાખ પર ચુકાદો આવ્યો, અને ૯૩ ટકા મામલામાં મતદારોની તરફેણમાં ચુકાદો આવ્યો, તેથી સ્પષ્ટ છે કે આ મતદારો કાયદેસર હતા છતા તેમને મતદાનથી દૂર રખાયા.જસ્ટિસ નરીમાને ચૂંટણી પંચની કામગીરી પર સવાલો ઉઠાવતા કહ્યું હતું કે ભારતના નાગરિકોને મત આપવાથી ગેરકાયદે રોકવામાં આવ્યા જેથી સરકાર પોતાની ઇચ્છા મુજબનું ચૂંટણી પરિણામ મેળવી શકે, આવું આપણે પશ્ચિમ બંગાળમાં પણ જોયું છે. ચૂંટણી પંચના બે ચૂંટણી કમિશનરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નિર્ણયો સામે સવાલ ઉઠાવ્યા હતા, હવે આ મામલો બહાર આવી ગયો છે ત્યારે ત્રણેય ચૂંટણી કમિશનર એક થઇ ગયા છે. આ ખરેખર દેશ માટે બહુ જ નુકસાનકારક છે. લોકોનો મત આપવાનો અધિકાર આપણી લોકશાહીનું હૃદય છે, લોકશાહી હાલ મોટા જોખમમાં છે. મને આશા છે કે સુપ્રીમ કોર્ટ આ મામલે દખલ આપશે. તાજેતરમાં જ્યાં તેમણે આ મોટું નિવેદન આપ્યું હતું

## ટીમ માટે મારી મહત્વાકાંક્ષાઓ કુરબાન કરી...': કેપ્ટનશીપ છોડતાં જ હરમનપ્રીત કૌર થઈ ભાવુક!

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે તમામ ફોર્મેટમાંથી કમાની છોડવાની જાહેરાત કરી છે. તાજેતરમાં એશિયન ગેમ્સ ૨૦૨૬માં ગોલ્ડ મેડલ જીત્યા બાદ મંગળવારે તેણે ઈન્સ્ટાગ્રામ પર ભાવુક પોસ્ટ શેર કરી હતી. હરમનપ્રીતે કહ્યું કે આ નિર્ણય સરળ નહોતો, કારણ કે વર્ષોની યાદો અને લાગણીઓ જોડાયેલી છે. મ્ઝઊંની રિવ્યૂ મીટિંગ બાદ આ નિર્ણય લેવાયો છે.ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન હરમનપ્રીત કૌરે મંગળવાર, ઓક્ટોબર ૬ ના રોજ ટીમની કમાની છોડવાની જાહેરાત કરી છે. હરમનપ્રીતનો આ નિર્ણય તાજેતરમાં જ ભારતને એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ગોલ્ડ મેડલ અપાવ્યા બાદ સામે આવ્યો છે. તેણે મંગળવારે ઈન્સ્ટાગ્રામ પર ભાવુક પોસ્ટ શેર કરીને પોતાના આ નિર્ણયની માહિતી આપી. હરમનપ્રીતે કહ્યું કે, 'આ મારા માટે સરળ નિર્ણય નહોતો, કારણ કે આ સફરમાં વર્ષોની યાદો, લાગણીઓ, ત્યાગ અને એવી ક્ષણો જોડાયેલી છે, જે જિંદગીભર મારી સાથે રહેશે.'હરમનપ્રીતે લખ્યું, 'આજે હું તમામ ફોર્મેટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટનશીપ પરથી હટી રહી છું. આ સરળ નિર્ણય નથી. આમાં વર્ષોની યાદો, લાગણીઓ, ત્યાગ અને એવી ક્ષણો છે, જે જિંદગીભર મારી સાથે રહેશે. હરમનપ્રીતે પોતાના સંદેશમાં જણાવ્યું કે, 'મેં ભારતીય ટીમ અને મહિલા ક્રિકેટ માટે પોતાનું બધું જ આપી દીધું. આમાં માત્ર મેદાન પર વહાવેલો પરસેવો જ નહી, પરંતુ મારો સમય અને કેટલીકવાર મારી પોતાની રમત અને અંગત મહત્વાકાંક્ષાઓનો



હિસ્સો પણ સામેલ હતો. મેં આ ટીમ અને ભારતીય મહિલા ક્રિકેટને મારું બધું જ આપ્યું છે- મારું લોહી, મારો પરસેવો, મારો સમય અને કેટલીકવાર મારી રમત અને અંગત મહત્વાકાંક્ષાઓનો એક ભાગ પણ.'

કેપ્ટન તરીકે ટીમની જરૂરિયાતોને તેણે કેટલીકવાર પોતાના વ્યક્તિગત હિતોથી ઉપર રાખી. હરમાનપ્રીતે કહ્યું કે એવા મોકા પણ આવ્યા જ્યારે મેં પોતાના વ્યક્તિગત પ્રદર્શન, પોતાના વિકાસ અને પોતાના માટે જે કંઈ હું ઈચ્છતી હતી, તેને પાછળ રાખવું પડ્યું, કારણ કે મારું માનવું હતું કે ટીમ સૌથી પહેલા આવે છે.હરમનપ્રીતે સ્વીકાર્યું કે, 'કેપ્ટન તરીકે મારે ઘણા મુશ્કેલ નિર્ણયો લેવા પડ્યા હતા. એવા નિર્ણયો જે દરેક વ્યક્તિ સમજી નહોતી શકી અને જે લેવા પણ સરળ નહોતા. ઘણી વખત આ નિર્ણયોની વ્યક્તિગત કિંમત પણ ચૂકવવી પડી, પરંતુ મારો એક જ હેતુ હતો— ટીમને શ્રેષ્ઠ બનાવવી અને અન્ય ખેલાડીઓને આગળ વધારવાની, પોતાના પર વિશ્વાસ રાખવાની અને પોતાનું સર્વશ્રેષ્ઠ આપવાની તક આપવી.તેમણે કહ્યું કે, મેં ટીમ સાથે બધું જ જોયું છે. સૌથી મુશ્કેલ સમયગાળો, દિલ તોડી નાખે તેવી હાર, ટીકાઓ, પ્રશ્નો અને એવા દિવસો જ્યારે કંઈ પણ ટીમના પક્ષમાં જતું દેખાતું નહોતું. આ સાથે જ મેં જીતની ઊંચાઈઓ, ઉજવણી, દેશનું પ્રતિનિધિત્વ કરવાનો ગર્વ અને એવા ક્ષણો પણ અનુભવ્યા, જેણે દરેક ત્યાગને સાર્થક બનાવી દીધો.હરમનપ્રીતે આગળ કહ્યું કે, હું આજે કેપ્ટનશીપ છોડતી વખતે લાગણીઓથી ભરેલા હૃદય સાથે જઈ રહી છું, પરંતુ આ સાથે જ મારી અંદર સુકૂન પણ છે.




## અમદાવાદમાં રિક્ષા બની ડ્રગ્સ ડિલિવરી વાહન! સીટ નીચે છુપાવી હતી ગાંજાની ૯૦ પડીકીઓ




અમદાવાદ જીંય ક્રાઈમ બ્રાન્ચે વાસણા છઁસ્ઝ મેટ્રો સ્ટેશન નજીકથી ૪૫ વર્ષીય ઓટોરિક્ષા ચાલક મોહમ્મદ આરિફ સૈયદને ૧૮૪ ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડ્યો છે. વેજલપુર-શ્યામલ રોડ પરથી ઝડપાયેલ આરોપી પાસેથી રૂ. ૯,૨૦૦નો ગાંજો, ૨ મોબાઈલ અને રિક્ષા સહિત કુલ રૂ. ૬૪,૭૦૦નો મુદ્દામાલ જમ કરાયો છે. આ ગુનામાં ફતેહવાડીનો ઉબેદ પઠાણ પણ સંડોવાયેલો હોવાનું ખુલ્યું છે. પોલીસે દ્રઢઁજી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (જીંય) ની ટીમે સોમવારે વાસણા એપીએમસી મેટ્રો સ્ટેશન નજીકથી ૪૫ વર્ષીય ઓટોરિક્ષા ચાલકને ૧૮૪ ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીની ઓળખ વટવા સ્થિત ગોલ્ડન ટોકીઝ પાછળ નૂરનગરના રહેવાસી મોહમ્મદ આરિફ મઝહર હુસૈન સૈયદ તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી સોમવારે સાંજે પ વાગ્યાની આસપાસ વેજલપુર અને શ્યામલને જોડતા જાહેર રોડ પર પોતાની રિક્ષામાં નશીલો પદાર્થ લઈને જઈ રહ્યો હતો.સિટી ગાઈડ જુઓ

જીંય ક્રાઈમ બ્રાન્ચને બપોરે ૨ વાગ્યાની આસપાસ ચોક્કસ બાતમી મળી હતી કે એક ઓટોચાલક મેટ્રો સ્ટેશન નજીક ગેરકાયદેસર રીતે ગાંજાનું વેચાણ કરવા માટે જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને રિક્ષાને અટકાવી હતી. રિક્ષાની તલાશી લેતા ડ્રાઈવરની બેઠક નીચેથી એક પીળા રંગની બેગ મળી આવી હતી. જેની અંદર રહેલી કાળી પ્લાસ્ટિકની થેલીમાંથી ૯૦ નાની પારદર્શક પડીકીઓ મળી આવી હતી. ફ્રીજ-અધિકારી દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક પરીક્ષણમાં પદાર્થ ગાંજો હોવાનું સાબિત થયું હતું.

પોલીસે જણાવ્યું કે જમ કરાયેલા ગાંજાનું વજન ૧૮૪ ગ્રામ છે, જેની અંદાજિત કિંમત ૯,૨૦૦ રૂપિયા થાય છે.

## તંત્રી લેખ

# એક અનોખી રાજકીય સફર: રાહુલ ગાંધીની સાચી પડેલી ભવિષ્યવાણીઓ, પ્રચારના પડદા અને બદલાતું જનમાનસ

ભારતીય રાજકારણમાં છેલ્લા કેટલાક વર્ષોમાં એવા ઘણા નિર્ણયો અને ઘટનાઓ બની છે, જેણે દેશના અર્થતંત્ર, લોકશાહી અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને ઊંડી અસર પહોંચાડી છે. આ સમયગાળા દરમિયાન જ્યારે પણ દેશ પર કોઈ કટોકટી આવી છે, ત્યારે વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ અગાઉથી જ સરકારને અરીસો બતાવ્યો છે અને ચેતવણીઓ આપી છે. પરંતુ કમનસીબે, સરકારી પી.આર. (ઈ) અને પ્રચારના ભારે ધુમાડા તથા 'મહામાનવ'ની છબીના ઓઠા હેઠળ તેમની સાચી વાતો અને ગંભીર આગાહીઓને દબાવી દેવામાં આવી. આજે જ્યારે સમય બદલાયો છે અને સત્યો બહાર આવી રહ્યા છે, ત્યારે પ્રજા પસ્તાય રહી છે કે "કાશ અમે ત્યારે તેમની વાત ગંભીરતાથી સાંભળી હોત!"

૧. નોટબંધી અને અર્થતંત્ર પર પ્રહાર

જ્યારે ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ અચાનક નોટબંધીની જાહેરાત કરવામાં આવી, ત્યારે તેને કાળા નાણાં સામેની લડાઈ તરીકે રજૂ કરાઈ. સરકારી પ્રચાર તંત્રએ એવું વાતાવરણ ઊભું કર્યું કે સામાન્ય જનતા આ પગલાને આવકારતી થઈ ગઈ. પરંતુ રાહુલ ગાંધીએ શરૂઆતથી જ ચેતવણી આપી હતી કે આ નિર્ણય ગરીબો, ખેડૂતો, નાના વેપારીઓ અને મધ્યમ વર્ગને પાયમાલ કરી નાખશે. અનૌપચારિક અર્થતંત્રની કમર ભાંગી જશે તે આગાહી અક્ષરસઃ સાચી પડી, પરંતુ પ્રચારના જોરે તેને નજરઅંદાજ કરાઈ.

૨. કોવિડ-૧૯ અને લોકડાઉનની કટોકટી

કોરોના મહામારીના પ્રારંભિક દિવસોમાં રાહુલ ગાંધીએ સરકારને લોકડાઉન અને તેની આર્થિક અસરો વિશે અગાઉથી ચેતવ્યા હતા. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે પૂરતી તૈયારી વિનાનું લોકડાઉન પ્રવાસી મજૂરો માટે મુસીબત બનશે. તેમની ચેતવણીઓની મજાક ઉડાવવા છતાં થોડા જ દિવસોમાં રસ્તા પરના દૃશ્યોએ સાબિત કરી દીધું કે તેમનું વિઝન કેટલું સચોટ હતું.

૩. પુલવામા હુમલો અને સરકારની જવાબદેહી

દેશની સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે પણ રાહુલ ગાંધીએ સવાલો ઉઠાવ્યા હતા. પુલવામા હુમલા બાદ સુરક્ષા ચૂક અને ગુપ્તચર એજન્સીઓની નિષ્ફળતા પર સરકારની જવાબદેહી નક્કી કરવાની માંગ તેમણે બુલંદીથી કરી હતી. રાષ્ટ્રીય સુરક્ષાના ભાવનાત્મક મુદ્દાઓ પાછળ સરકારી બેદરકારીને છુપાવવાના પ્રયાસો સામે તેમણે હંમેશાં સત્ય ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો.

૪. અંબાણી-અદાણીના હાથમાં સત્તા અને સંસાધનોના સાધનો

દેશના કુદરતી સંસાધનો, જાહેર ક્ષેત્રો અને આર્થિક માળખાને ચોક્કસ મૂડીપતિ મિત્રો (અંબાણી-અદાણી)ના હાથમાં પરોક્ષ રીતે સોંપાતા જવા અંગે રાહુલ ગાંધીએ સંસદથી લઈને રસ્તાઓ સુધી લડત ચલાવી છે. તેમણે સતત ચેતવણી આપી છે કે દેશની સંપત્તિ ગણતરીના ઉદ્યોગપતિઓના હસ્તક જતી રહેશે તો સામાન્ય નાગરિકો માટે મોંઘવારી અને બેરોજગારી સિવાય કંઈ નહીં બચે. આજે આ મોનોપોલી (ઈજારો) ની અસરો સામાન્ય લોકોના જીવનમાં સ્પષ્ટ દેખાઈ રહી છે.

૫. ૨૦૨૩થી વોટ ચોરીની વાત અને જ્ઞાનેશકુમાર પરના આક્ષેપો

ચૂંટણી પ્રણાલી અને લોકશાહીના મૂળ પર પ્રહાર કરતી 'વોટ ચોરી' અને ચૂંટણીની પારદર્શિતા સામે રાહુલ ગાંધી ૨૦૨૩થી સતત અવાજ ઉઠાવી રહ્યા છે. ચૂંટણી પંચ અને જવાબદાર અધિકારીઓ (જેમ કે જ્ઞાનેશકુમાર જેવા પદો પર બેઠેલા લોકો)ની ભૂમિકા સામે જ્યારે તેમણે સવાલો ઉઠાવ્યા અને ઈલજામો લગાવ્યા, ત્યારે સરકારી તંત્ર અને સત્તાધીશોએ તેમને 'દેશદ્રોહી' કે દેશની સંસ્થાઓને બદનામ કરનાર ગણાવ્યા. પરંતુ સમય વીતતા આજે જ્યારે ચૂંટણી પ્રક્રિયાની ગેરરીતિઓ અને વોટ ચોરીના સત્યો એક પછી એક બહાર આવી રહ્યા છે, ત્યારે તેમની એ ચેતવણી અક્ષરસઃ સાચી સાબિત થઈ રહી છે.

૬. એપસ્ટિન ફાઈલ્સ અને આંતરરાષ્ટ્રીય સ્તરે શરણાગતિ (સરેન્ડર)

આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની સાર્વભૌમત્વ સાથે સમજૂતી કરવાના મુદ્દે પણ વિપક્ષે અવાજ ઉઠાવ્યો છે. 'એપસ્ટિન ફાઈલ્સ' અને વિદેશી નીતિઓ કે દબાણોને કારણે દેશના શીર્ષ નેતૃત્વ દ્વારા કરવામાં આવેલા કથિત સરેન્ડરની વાતો સામે આવી રહી છે. પરંતુ દેશના પાલતુ મીડિયાએ 'મહામાનવ'ની છબીના ઓઠા હેઠળ આ ગંભીર આંતરરાષ્ટ્રીય મુદ્દાઓને દબાવી દીધા અને જનતા સમક્ષ સાચું ચિત્ર આવવા દીધું નહીં.

૭. આવનારી આર્થિક સુનામીની ચેતવણી

આર્થિક મોરચે દેશ જે મુશ્કેલીઓ તરફ આગળ વધી રહ્યો છે તેની ગંભીર આગાહીઓ રાહુલ ગાંધી અગાઉથી જ આપતા આવ્યા છે. બેરોજગારી, દેવું અને ખોટી આર્થિક નીતિઓને કારણે દેશ પર તોળાઈ રહેલી 'આર્થિક સુનામી'ની વાત હવે ધીરે ધીરે ખુલી રહી છે અને બજારો તથા સામાન્ય લોકોની સ્થિતિ પરથી તે સાચી સાબિત થઈ રહી છે.

પ્રચારનું એકતરફી ચલણ અને જનતાની આંખ ઉઘડવી

વર્ષો સુધી સરકારી મશીનરી અને પ્રચંડ માર્કેટિંગ દ્વારા એક જ છબી ઊભી કરવામાં આવી કે વિપક્ષ નબળો છે અને સરકાર સર્વોપરી છે. આ એકતરફી પ્રચારે લાંબા સમય સુધી જનતાને ગેરમાર્ગે દોરી. પરંતુ જ્યારે રોજિંદી મુશ્કેલીઓ, સંસાધનોનું ખાનગીકરણ, ચૂંટણી પ્રણાલી પરના સવાલો અને આર્થિક માર સીધો ઘરના ચૂલા સુધી પહોંચ્યા, ત્યારે પ્રજાની આંખ ખુલી છે.

આજનો જનમાનસ: "અમે તમારી સાથે ઊભા છીએ"

આજે દેશના ગામેગામ લોકો ખુલ્લેઆમ સ્વીકારી રહ્યા છે કે, "અમને પસ્તાવો થાય છે કે ત્યારે સરકારી પ્રચારના પ્રભાવ હેઠળ અમે સાચું શું હતું તે ઓળખી ન શક્યા." સરકારી પી.આર.ની ચમક-દમક પાછળ છુપાયેલી હકીકતો હવે દીવા જેવી સ્પષ્ટ થઈ ગઈ છે. લોકો સમજી ગયા છે કે જે નેતા સતત જનતાના હિતમાં, ડર વગર સાચી વાત કરતા રહ્યા, તેમને જાણી જોઈને દબાવવામાં આવ્યા હતા.

આજે જનતાનો મોટો વર્ગ અનુભવી રહ્યો છે કે જો અગાઉથી આ તમામ ચેતવણીઓ પર ધ્યાન આપ્યું હોત તો દેશ આટલી વિકટ પરિસ્થિતિમાં ન મુકાયો હોત. આ જ કારણ છે કે હવે જનતા કહી રહી છે કે: "અમે ભૂલ કરી કે પ્રચારમાં દોરવાઈ ગયા, પણ હવે અમે સત્યની સાથે અને તમારી સાથે મજબૂતાઈથી ઊભા રહીશું."

# બ્રિટિશ વિમાન ગણતરીની મિનિટોમાં ૩૭૦૦૦થી ૯,૦૦૦ ફૂટ પર 'ખાબક્યું'



લંડનથી શિકાગો જતી બ્રિટિશ એરવેઝની ફ્લાઇટ મ્છ૨૯૫માં આયરલેન્ડ પર ટેકનિકલ ખામી સર્જાતા હડકંપ મચી ગયો હતો. વિમાન ૩૭,૦૦૦ ફૂટથી ૯,૦૦૦ ફૂટ પર આવી ગયું. પાઇલટે ૭૭૦૦નો ઇમરજન્સી કોડ મોકલતા, પ્રવાસીઓના શ્વાસ અદ્ધર થયા. બાદમાં વિમાનને સુરક્ષિત રીતે લંડન પરત લાવવામાં આવ્યું. સદનસીબે મોટી દુર્ઘટના ટળીબ્રિટિશ વિમાન ગણતરીની મિનિટોમાં ૩૭૦૦૦થી ૯,૦૦૦ ફૂટ પર 'ખાબક્યું'ફ્લાય દુબઈ પછી વધુ એક વિમાનમાંપ્રવાસીઓના શ્વાસ અદ્ધર થયાઆયરલેન્ડથી પસાર થતી વખતે ટેકનિકલ ખામી સર્જાતા બ્રિટિશ એરવેઝના વિમાને ૭,૭૦૦નો ઇમરજન્સી કોડ મોકલ્યોલંડન : લંડનથી અમેરિકાના શિકાગો જઈ રહેલી બ્રિટિશ એરવેઝની એક ટ્રાન્સએટલાન્ટિક ફ્લાઇટમાં સોમવારે ત્યારે હડકંપ મચી ગયો જ્યારે વિમાને આયરલેન્ડ પરથી ઉડાન ભરતી વખતે અચાનક જ નીચે ખાબક્યુ હતુ. વિમાનમાંથી ફ્લાઇટ ઇમરજન્સી કોડ ૭,૭૦૦ જારી કરાયો હતો. ટેકનિકલ ખામીના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટના પછી વિમાનની સ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી હતી. શિકાગો જઈ રહેલા વિમાનને લંડન પાછું લાવવામાં આવ્યું હતું.બ્રિટિશ એરવેઝની ફ્લાઇટ બીએ ૨૯૫ લંડનના હીથ્રો એરપોર્ટના ટર્મિનલ-પથી સવારે લગભગ ૧૧:૫૦ વાગે શિકાગોના ઓ હેર ઇન્ટરનેશનલ એરપોર્ટ માટે રવાના થઈ હતી. આ ઉડાન લગભગ ૮ કલાક અને ૪૦ મિનિટની હતી. ઉડાન ભર્યાના કલાક પછી પ્લેન લગભગ ૩૭,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચી ગયું હતું. આ દરમિયાન વિમાનમાં સંચાલન સંલગ્ન તકલીફ આવી. તેના પછી વિમાન તરત જ નીચે જવા લાગ્યુ અને ગણતરીની મિનિટમાં નવ હજાર ફૂટ પર આવી ગયું. તે સમયે વિમાન આયરલેન્ડ પરથી ઉડાન ભરી રહ્યું હતું.

બ્રિટિશ મીડિયાના રિપોર્ટ્સથી ફ્લાઇટ ટ્રેકિંગ ડેટાને ટાંકીને જણાવવામાં આવી રહ્યું છે કે આ વિમાનને લંડનના હીથ્રો એરપોર્ટ તરફ વાળવામાં આવ્યું છે. બ્રિટિશ એરવેઝે પણ આ ઘટના અંગે તાત્કાલિક ધોરણે કોઈ તલસ્પર્શી માહિતી આપી નથી, તેની સાથે વિમાનનો માર્ગ બદલાયો હોવાની વાતને પણ સમર્થન આપ્યું નથી.વિમાને ૭,૭૦૦નો ઇમરજન્સી કોડ મોકલ્યો છે. આ કોડ વિમાનમાં ઉડ્ડયન દરમિયાન સર્જાતી કટોકટીનો સંકેત હોય છે. તેના પછી ફ્લાઇટની પ્રવૃત્તિ પર એરટ્રાફિક અને ફ્લાઇટ ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા નજર રાખવામાં આવે છે. તેની સુરક્ષિત કે ઇમરજન્સી લેન્ડિંગ પ્રક્રિયા જારી છે

# રશિયાની પ્લેગ લેબના ૨૮ વર્ષીય મહિલા વૈજ્ઞાનિકનું 'અજ્ઞાત' ઈન્ફેક્શનથી મોત



રશિયાના સાઈબિરીયામાં પ્લેગ રિસર્ચ લેબોરેટરીમાં ૨૮ વર્ષીય મહિલા લેબ ટેકનિશિયનનું રહસ્યમય ન્યુમોનિયાથી મૃત્યુ થયું છે. ઈર્કુત્સ્ક ઈન્સ્ટિટયૂટમાં કાચની ટ્યુબ તૂટતાં ખતરનાક બેક્ટેરિયા ફેલાયાની આશંકા છે. આ ઘટના બાદ તકેદારીના ભાગરૂપે ૨૦૦ લોકોને ક્વોરેન્ટાઈન કરાયા છે, જેથી વિસ્તારમાં ભયનો માહોલ છે. ઉર્ઝ્ઝ આ મામલે તપાસ કરી રહ્યું છે.ગંભીર ન્યુમોનિયાના લક્ષણો બાદ મહિલાએ દમ તોડયોસાઇબિરીયાની ઈર્કુત્સ્ક રિસર્ચ ઈન્સ્ટિટયૂટમાં કાચની ટયુબ તૂટતાં ખતરનાક બેક્ટેરિયા ફેલાયાની આશંકા : ૨૦૦ લોકાને ક્વોરેન્ટાઈન કરાયાંમોસ્કો : રશિયાનાસાઇબિરીયા વિસ્તારમાં આવેલી અતિસંવેદનશીલ પ્લેગ અને અન્ય ખતરનાક ચેપી રોગોની રિસર્ચ લેબોરેટરીના ૨૮ વર્ષીય મહિલા લેબ ટેકનિશિયનનું એક રહસ્યમય ઈન્ફેક્શનથી કરૂણ મોત નીપજતાં સમગ્ર વિસ્તાર સહિત આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે અફરાતફરી મચી ગઈ છે. આ ઘટના બાદ તકેદારીના ભાગરૂપે ડઝનબંધ લોકોને તાત્કાલિક આઈસોલેશનમાં મૂકવામાં આવ્યા છે, જ્યારે ૨૦૦ જેટલા લોકોને તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.સાઇબિરીયાના શેલેખોવ શહેરમાં આવેલી 'ઈર્કુત્સ્ક રિસર્ચ એન્ટી-પ્લેગ ઈન્સ્ટિટયૂટ'માં કામ કરતી ૨૮ વર્ષીય મહિલા લેબ ટેકનિશિયન દાર્યા શિપિલોવા ને ગંભીર પ્રકારનો અજ્ઞાત ન્યુમોનિયા થયો હતો. તેની સ્થિતિ ઝડપથી બગડતાં તેને હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેણે દમ તોડયો હતો.રશિયાની ચેપી રોગ નિયંત્રણ એજન્સી 'રોસ્પોટ્રેબનાડઝોર'એ આ મોતનું કારણ 'અજ્ઞાત કારણોસર થયેલો ન્યુમોનિયા' દર્શાવ્યું છે.મહિલા વૈજ્ઞાનિકના મોત બાદ શેલેખોવ જિલ્લા હોસ્પિટલના ઈનપેશન્ટ વિભાગને તાત્કાલિક અસરથી ક્વોરેન્ટાઈન કરી દેવામાં આવ્યો છે. શેલેખોવના મેયર મેક્સિમ મોડિને જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં નવા દર્દીઓને દાખલ કરવા કે રજા આપવા પર કામચલાઉ રોક લગાવી દેવાઈ છે.સ્થાનિક સ્વતંત્ર મીડિયા 'લ્યુડી બાઇકલ'ના અહેવાલો અનુસાર, મૃતકના સંપર્કમાં આવેલા કે લેબ સાથે જોડાયેલા આશરે ૨૦૦ જેટલા લોકોને ક્વોરેન્ટાઈન તેમજ તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.રશિયન સંસ્થાઓ આ ઘટનાને લેબ અકસ્માત કે સંક્રમણ સાથે જોડવાનો ઇનકાર કરી રહી છે. રાખવા અપીલ કરી છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને જણાવ્યું છે કે તેઓ રશિયન આરોગ્ય સત્તામંડળના સતત સંપર્કમાં છે અને લેબોરેટરી ટેસ્ટિંગ તેમજ સમગ્ર ઘટનાની તપાસ કરી રહ્યા છે. હાલ વૈશ્વિક જાહેર આરોગ્ય માટે જોખમ 'ઓછું' હોવાનું અનુમાન છે.સ્થાનિક નાગરિકોમાં દહેશતનો માહોલ લેબ કાર્યકરના મોત અને હોસ્પિટલો બંધ થવાના સમાચારથી શેલેખોવ અને આસપાસના વિસ્તારોમાં લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે.

# 'દુબઈના મુસ્લિમો સારા લાગે તો પાકિસ્તાની કેમ નહીં?': સિંગર મીકા સિંહના નિવેદનથી સોશિયલ મીડિયા પર હોબાળો



પ્રખ્યાત સિંગર મિકા સિંહે પાકિસ્તાન પ્રત્યેના પોતાના અનુભવો અને સંબંધો વિશે ખુલીને વાત કરી છે. એક પોડકાસ્ટમાં તેણે કહ્યું કે પાકિસ્તાની મુસ્લિમોએ ગુરુદ્વારાની સેવા કરવામાં મદદ કરી હતી, તો પછી લોકોને પાકિસ્તાની મુસ્લિમોથી કેમ અકળામણ થાય છે, જ્યારે દુબઈના મુસ્લિમો તેમને સારા લાગે છે? મિકાએ ભારપૂર્વક કહ્યું કે પાકિસ્તાન કે ત્યાંના લોકો ખરાબ નથી. પ્રખ્યાત સિંગર મિકા સિંહે પાકિસ્તાન સાથેના પોતાના સંબંધો, ત્યાંના લોકો અને શીખ ધર્મસ્થળોની મુલાકાતો અંગે ખુલીને વાત કરી છે. પાકિસ્તાની મુસ્લિમો અને દુબઈના મુસ્લિમો પ્રત્યે લોકોના અલગ-અલગ દ્રષ્ટિકોણ પર તેણે એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે, જે હાલમાં ભારે ચર્ચામાં છે. એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન ૫૦ વર્ષીય સિંગરએ પાકિસ્તાન પ્રત્યેના પોતાના અનુભવો શેર કર્યા હતા.મિકા સિંહે પાકિસ્તાની અને દુબઈના મુસ્લિમોની સરખામણી કરીપાકિસ્તાનની મુલાકાતને યાદ કરતા મિકાએ જણાવ્યું હતું કે, 'ત્યાંના મુસ્લિમોએ ગુરુદ્વારાઓની સંભાળ રાખવામાં અને સેવા કરવામાં ખૂબ જ મદદ કરી હતી. એવામાં મને પ્રશ્ન થાય કે લોકો પાકિસ્તાની મુસ્લિમોથી કેમ અકળાય છે, જ્યારે દુબઈના મુસ્લિમો તેમને ખૂબ ગમે છે.મિકાએ કહ્યું, 'પાકિસ્તાન ખરાબ નથી, પાકિસ્તાનના લોકો ક્યાંયથી ખરાબ નથી. ખબર નહીં કેમ આપણને પાકિસ્તાનના જ મુસ્લિમો ખરાબ લાગે છે, પરંતુ દુબઈના મુસ્લિમો બહુ સારા લાગે છે. આ વાત મને આજ સુધી સમજાઈ નથી. પાકિસ્તાન અને ત્યાંના લોકો સ્વભાવગત ખરાબ નથી.'પાકિસ્તાની કલાકારો અને ભારતીય કલાકારોના પ્રવાસ પર મતપાકિસ્તાની કલાકારોના ભારતમાં કામ કરવા અંગે મિકાએ સ્પષ્ટ કહ્યું કે, 'મને પાકિસ્તાની સિંગર્સ સામે કોઈ વાંધો નથી. જ્યારે તેઓ અહીં આવે છે ત્યારે બોલિવૂડ અને દરેક વ્યક્તિ તેમનું સ્વાગત કરે છે.'કલાકારોના પાકિસ્તાન પ્રવાસ અંગે વાત કરતા તેણે કહ્યું કે, 'જો કોઈ કલાકાર ખાનગી કાર્યક્રમ કરવા માટે પાકિસ્તાન જાય, પૈસા કમાઈને ભારત પાછો આવે તો તેમાં કંઈ ખોટું નથી. આ બાબત છુપાઈને નથી થતી, વ્યક્તિ ફ્લાઈટ દ્વારા ખુલ્લેઆમ જાય છે અને આખી દુનિયા તેને જુએ છે.'શીખ ધર્મસ્થળો સાથે જોડાયેલી ભાવનાત્મક યાદોમિકા સિંહે જણાવ્યું કે, પાકિસ્તાન સાથે મારો એક અલગ જ અંગત સંબંધ અને લગાવ છે કારણ કે ત્યાં મહત્ત્વપૂર્ણ શીખ ધર્મસ્થળો આવેલા છે.' નાનક સાહિબ અને પંજા સાહિબનો ઉલ્લેખ કરતા સિંગરે કહ્યું કે, 'જ્યારે મને ત્યાં પરફોર્મન્સ કરવા માટે આમંત્રણ મળ્યું ત્યારે મને એવું લાગ્યું કે જાણે મને ત્યાં 'બોલાવવામાં' આવ્યો છે. મારા માટે આ માત્ર પૈસાનો મામલો નથી, પરંતુ ગુરુદ્વારાના દર્શન કરવા એ મારી પ્રાથમિકતા હતી.'૨૦૧૯ના વિવાદ અને પ્રતિબંધ પર પ્રતિક્રિયાઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૧૯માં કરાચી (પાકિસ્તાન) ખાતે એક પ્રી-વેડિંગ ઇવેન્ટમાં પર્ફોર્મ કરવા બદલ મિકા સિંહ પર ભારતીય ફિલ્મ ઉદ્યોગ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ વિવાદ બાદ ઓલ ઇન્ડિયા સિને વર્કર્સ એસિસોએશન (છૈંઝઉછ) અને ઢ્ઢઊંઝઈ દ્વારા તેનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. જોકે, પાછળથી મિકા સિંહે માફી માંગી હતી અને સ્પષ્ટતા કરી હતી કે તે કાર્યક્રમ અગાઉથી નક્કી કરાયેલ પ્રોફેશનલ વચન હતું. તેની માફી બાદ પ્રતિબંધ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો

# સ્વિટ્ઝરલેન્ડનું ભારતમાં ૧૦૦ અબજ ડોલરનું રોકાણ, ૧૦ લાખ નોકરીનુ સર્જન



નવી દિલ્હી ખાતે ભારતે સ્વિટ્ઝર્લેન્ડ સાથે ૫ મહત્વપૂર્ણ કરારો કર્યા. સ્વિસ પ્રમુખ ગાય પાર્મેલિન અને પીએમ મોદીની મુલાકાત બાદ આ ડીલ થઈ. સ્વિટ્ઝર્લેન્ડ ભારતમાં ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરશે, જેનાથી ૧૦ લાખ નવી નોકરીઓનું સર્જન થશે. આ ડીલમાં ટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજી, મોબિલિટી સિસ્ટમ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રો સહયોગ વધશે.અમેરિકા સાથે ટ્રેડ ડીલ લટક્યું તો સ્વિટ્ઝરલેન્ડ સાથે થયુંટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજી, મોબિલિટી સિસ્ટમ્સ અને ઈન્ફ્રા સહિતના સેક્ટરોમાં ટેકનોલોજીકલ આદાનપ્રદાન કરાશેનવી દિલ્હી : ભારતનું અમેરિકા સાથે ટ્રેડ ડીલ થાય કે ન થાય, પરંતુ ભારત બીજા દેશો સાથે ધડાધડ ટ્રેડ ડીલ કરી રહ્યુ છે. આવું જ એક ટ્રેડ ડીલ સ્વિટ્ઝરલેન્ડ સાથે કરવામાં આવ્યું છે. આ ડીલ હેઠળ સ્વિટ્ઝરલેન્ડ ભારતમાં ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરશે અને ૧૦ લાખ નવી નોકરીનું સર્જન કરશે. સ્વિટઝરલેન્ડના પ્રમુખ ગાય પાર્મેલિનની મુલાકાત પછી બંને દેશ વ્યાપાર-રોકાણમાં વધારા સાથે એકબીજા સાથે કેટલાય ક્ષેત્રોમાં સહયોગ વધારવાની સહમતી વ્યક્ત કરી છે.ભારત અને સ્વિટ્ઝરલેન્ડના સંબંધોને મજબૂત કરવાની દિશામાં મહત્ત્વનું પગલું ઉઠાવવામાં આવ્યું છે. પીએમ નરેન્દ્ર મોદી અને સ્વિસ પ્રમુખ ગાય પાર્મેલિનની મુલાકાત પછી બંને દેશ વચ્ચે વ્યાપાર અને રોકાણ વધારવાની સાથે-સાથે કેટલાય બીજા ક્ષેત્રમાં સહયોગ વધારવા સંમતિ વ્યક્ત કરી છે.બંને દેશ વચ્ચે પાંચ મહત્ત્વની સમજૂતી પર સહીસિક્કા થયા છે. તેમા ભારતીય સામાન માટે સ્વિસ બજારમાં પહોંચ વધારવા, યુવાનો સાથે આદાનપ્રદાન, પરિવહન અને મોબિલિટીની સાથે-સાથે ડિફેન્સ અને પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં સહયોગ વધારવા સાથે સંલગ્ન નિર્ણયો સામેલ છે. પાર્મેલિને તેમના ત્રણ દિવસના પ્રવાસનો આજથી કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા સેકટરોમાં કામ કરી રહી છે. જ્યારે કેટલીય ભારતીય કંપનીઓ સ્વિટ્ઝરલેન્ડમાં આઇટી, ફાર્માસ્યુટિકલ્સ અને મશીનરી સેક્ટરમાં કાર્યરત છે. સ્વિસ લીડરે જણાવ્યું હતું કે ટ્રેડ રિલેશનને પ્રોત્સાહન આપવું તે વાતચીતનું મુખ્ય ફોકસ હતું. પાર્મેલિને જણાવ્યું હતું કે સ્વિટ્ઝરલેન્ડને આશા છે કે ભારતીય અર્થતંત્રના જુદાં-જુદાં સેક્ટરોમાં રોકાણનો પ્રવાહ સરળ બનાવવા માટે તે ટૂંક સમયમાં ભારત સાથે એક ઈન્વેસ્ટમેન્ટ પ્રોટેકશન એગ્રીમેન્ટ કરશઈનોવેશન્સ, જોબ્સ અને શેર્ડ પ્રોસ્પેરિટી માટેની એક મહત્ત્વાકાંક્ષી બ્લુ પ્રિન્ટ છે. તેના દ્વારા આપણે આગામી ૧૫ વર્ષોમાં ભારતમાં




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 195**
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક: સ્મરણ
પ્રકાર: પદ્ય
શબ્દો : ૭૪

ખાલી ભાળું હું ખુરશી જ્યાં ભાવ ભરેલી યાદો,
ક્યાંથી સાંભળવા મળશે એ સ્નેહ ભર્યા સંવાદો.

વહાલની કરતાં વાતો ત્યાં નહોતા કોઈ વિવાદો,
લય ભરેલા લોચનિયામાં હતા લાગણીના લવાદો.

સાપ ને લીસોટા એતો દુનિયાનું દસ્તુર છે 'અમૃત',
નયનમાં રહી ગયા હવે એ નિર્મળ નીરના નિનાદો.

ખાલી દેખી ખુરશી ખાલી ખુદ થી ખુદ થઈ ગયો,
ખાલી ખ્વાબના ખોળિયે ખાલી ખોરડાની ખાદો.

સ્મરણમાં રહેશે સ્વજનો ને યાદોમાં આપ્તજનો,
ફૂલડાંની ફોરમ ફરતી રહેશે, નથી કોઈ ફરિયાદો.

અમૃત શ્રીમાળી (મહેસાણા)
★★★★★★
**NOG SSNO:153**
વિષય:"ખાલી ખુરશી ને ભરેલી યાદો"
શીર્ષક:"પપ્પા ની આરામખુરશી "
પ્રકાર:ગદ્ય શબ્દો:૩૫૦
પપ્પા ની આરામ ખુરશી!.....
આજ થી ૬૫ વર્ષ પૂર્વે ની મારાં પપ્પા ની હું
વાત કરું છું.તે વખતે મારી ઉંમર લગભગ દસ વર્ષ ની હતી.અમદાવાદ માં સાબરમતી નદી નાં કિનારે રવિવારે ગુજરી ભરાય.ત્યાં જુની વપરાયેલ પણ સારી કન્ડીશન વાળી વસ્તુ બહુ સસ્તા ભાવે મળે.મીડલ ક્લાસ વર્ગ ત્યાંથી ખરીદી કરી સારી રીતે રહી શકતાં હતાં.
પપ્પા ત્યાં થી જુની આરામ ખુરશી ખરીદી લાવ્યાં.અમે કહ્યું કે મોટાભાઈ(પપ્પા ને અમે મોટાભાઈ કહેતાં હતાં)તમને આરામ કરવાં નો સમય જ ક્યાં હોય છે?તો આવાં ખોટાં ખર્ચા કરો છો?
પપ્પા બોલ્યાં: હું આરામ નહીં કરું તો બાપુજી આરામ કરશે.ખર્યો ખોટો નથી.હું માત્ર પંદર રુપિયા માં જ લાવ્યો છું.
સવારે ઊઠી ને ચા-નાસ્તો કરી,નાહી ધોઈ ને અમને બે ભાઈઓ અને તેમનાં મિત્ર નાં દિકરા ને સાયકલ પર બેસાડી પોતે ચાલતાં સાયકલ ચલાવી અમને રિલીફરોડ થી મિરજાપુર ઝેવિયર્સ સ્કૂલ માં મુકવાં આવે.પંદર મિનીટ નો રસ્તો જ હતો.પણ તેમનાં દિકરા ચાલતા જાય તે તેમને મંજુર નહોતું.
પછી તેમની સેન્ટ્રલ બેન્ક ની જોબ હતી ત્યાં જાય.બેન્ક માં યુનિયન નાં સેક્રેટરી હતાં ત્યાં બેન્ક છુટ્યા પછી એક્ટીવ રહે.
સાંજે જમ્યાં પછી સામે ની પોળ માં શાંન્તિચન્દ્ર સેવા સમાજ નામની સંસ્થા માં સેવા નાં કાર્યો કરે.
દરેક પોળો માં લારી લઈ ને બ્યુગુલ વગાડી જુના કપડા ઉઘરાવી જરુરિયાત મંદ ને પહોંચતા કરે.દરેક પોળ નાં પૈસા પાત્ર અને ગરીબો નાં નામ મેળવી પૈસા પાત્ર પાસે થી પૈસા મેળવી ગરીબો ને બાર માસ નું અનાજ,સ્કુલ ફી,નોટબુક અને ચોપડીઓ ભરી આપતાં.
રાત્રે ઘરે આવી દિકરાઓ ને વર્ગ માં જે લખાવ્યું હોય તે જુદી નોટ માં પોતાનાં સારા અક્ષરે લખે.અને દિકરાઓ ને પરીક્ષા વખતે તે વાંચવા આપે.આવા અમારાં પપ્પા ને કો'ક વાર આરામખુરશી માં બેઠેલ જોઈએ તો અમારું હુદય હરખ થી ભરાઈ જાય.પપ્પા ને સ્વર્ગે સિધાવે સાઈઠ વર્ષ પુરાં થયાં પણ હજી અમારી સામે આરામખુરશી માં બેઠેલ તે પપ્પા તરવરે છે.કે જે અમારી ઈચ્છા હતી કે અમે મોટાં થઈએ પછી તે આ રીતે જિંદગી જીવે.પણ કુદરત ને તે મંજુર નહોતું ને માત્ર ૩૫ વર્ષે પથરી નાં ઓપરેશન બાદ અવસાન પામ્યાં.દરેક ને અમારા પપ્પા જેવાં પપ્પા મળે તેવી અમારાં સૌ ની પાર્થના.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)
★★★★★★★
**NOGSS NO : 411**
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક : ખાલી ખુરશીને જોતી આંખો
પ્રકાર :ગદ્ય શબ્દો:૩૩૪

એક વાત તો માનવી જ પડે,આ ખુરશી ગઈકાલે કોઈકની હતી, આજે મારી છે અને આવતીકાલે કોઈ બીજાની થઈ જશે.

જ્યારે કોઈ વ્યક્તિ હોદ્દા પરથી નિવૃત્ત થાય છે, ત્યારે એ ક્ષણ ખરેખર વસમી હોય છે. વર્ષો સુધી સતત દોડધામ અને વ્યસ્તતા વચ્ચે જીવ્યા પછી નિવૃત્તિ અચાનક માણસને નવરો કરી મૂકે છે. આ વાસ્તવિકતા ભલે કડવી હોય, પરંતુ તેને સ્વીકારવી જ પડે. આટલાં વર્ષો સુધી જેણે આપણને સતત વ્યસ્ત રાખ્યા, એ જ ખુરશી એક દિવસ ખાલી થઈ જાય છે અને પાછળ રહી જાય છે માત્ર સંસ્મરણો.

આજે મારી એ ખુરશી ભલે કોઈ બીજાની થઈ ગઈ હોય, પરંતુ મારા મનના એક ખૂણામાં એ કાયમ માટે મારી જ રહેશે. એ ખાલી ખુરશી આજે પણ અગણિત યાદો જગાવી દે છે.

રોજ સવારે પટાવાળા ભાઈ ખુરશી સાફ કરી આપતા. દફતરે આવીને સાફ થયેલી ખુરશી વ્યવસ્થિત ગોઠવી તેના પર આસન ગ્રહણ કરવું—મારો નિત્યક્રમ હતો. ત્યારબાદ ટેબલનું ખાનુ ખોલી કાગળોની ફાઈલો અને પેન કાઢીને ટ્રેમાં ગોઠવતો. કાગળોને બે ભાગમાં વહેંચતો—આજે જ કાર્યવાહી કરવાના અને અગત્યના કાગળો.

લાલભાઈ—નામ બદલ્યું છે—ઉંમરમાં મારા કરતાં મોટા હતા અને હું તેમને મોટાભાઈ સમાન માન આપતો. તેમના મુખ પરનું સુંદર સ્મિત અને 'સુપ્રભાત' સાથે મૂકેલો ગરમાગરમ ચાનો કપ જાણે દિવસની શરૂઆતનો સંકેત હતો.

પછી ટેલિફોનની ઘંટડીઓ, મુલાકાતીઓ, ચર્ચાઓ, ગ્રાહકોની રજૂઆતો, સમસ્યાઓના ઉકેલ માટેની દોડધામ અને બોસ સાથેની બેઠકો—આ બધામાં દિવસ ક્યારે વીતી ગયો અને સાંજ ક્યારે પડી ગઈ, એનો ખ્યાલ જ રહેતો નહીં.

'સર... સર...' કહીને યુવાન સાથીઓનો માનભર્યો અવાજ આજે પણ કાને ગુંજે છે. વિદાય સમારંભો અને સ્નેહમિલનો સાથે આખું દફતર સતત ધમધમતું રહેતું.

એ સોનેરી દિવસો આજે પણ યાદ આવે ત્યારે હૃદય લાગણીથી છલકાઈ ઊઠે છે. નિવૃત્તિ પછી પણ એ મધુર સ્મૃતિઓ માનસપટ પરથી ભૂંસાતી નથી.

આજે એ ખુરશી પર કોઈ બીજું બેઠું છે; પરંતુ મારી આંખો જ્યારે એને જુએ છે, ત્યારે એ ખુરશી નહીં, મારું આખું કાર્યજીવન નજર સામે આવી જાય છે.

શબ્દોની પણ એક મર્યાદા હોય છે. તેથી મારી આ લાગણીઓને અહીં જ પૂર્ણવિરામ આપું છું.

નંદુ સંજાણવાળા ' સુમન ', મુંબઈ
★★★★★★★
**NOGSS NO:158**
વિષય:ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક: દાદાજીની યાદ
પ્રકાર: પદ્ય ?? શબ્દો:૯૬

કેવો સુંદર સમય હતો ખુશીઓ અપાર, દાદા દાદી કરતાં બધાને પ્યાર દુલાર!

માતાપિતાની મમતા ભાઈ બેન કરતા લાડ,
મનમાં કોઈ ચિંતા નહીં રહેતાં મસ્ત આબાદ!

ફળિયામાં ખુરશી ઢાળી આવકારો મીઠો આપતા,
કુદરતી પર્યાવરણમાં અમે બધાં ઝાડ નીચે બેસતાં!

દાદાજી ભૂખ્યાને ભોજન તરસ્યાને જળ આપતાં,
દાદાજી અતિથિ આવે ગૃહસ્થ ધર્મ સાચવતાં!

દાદાજીની ખુરશી ખાલી ઓરડામાં શાંતિ વર્તાય,
આવી ગયો મારા લાલ અવાજ નહીં સંભળાય!

'પ્રેમ' વ્હાલ ભરી વાતો કરતાં સ્નેહ ભર્યા સંવાદો,
આજે ખાલી ખુરશી અને મનમાં ભરેલી યાદો!
પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા
★★★★★★★
**NOG SS NO:- 364**
વિષય:- ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક:- "ખાલીપો"
પ્રકાર:પદ્ય શબ્દો:૧૦૦

પ્રિયે મધુ, તવ વિદાયથી રહી ગઈ છે આ ખુરશી ખાલી,
જૂની દર્દભરેલી યાદોથી બહુ દુઃખી છે
સંસારબાગનો માલી.
બેટા સંજય, તું માત્ર સતર દિવસનું જ આયુષ્ય જીવ્યો,
મારા પ્રથમ પુત્રની બહુ ટૂંકી જ વિદાયથી હું દુઃખી થઈ ગયો,
ખબર નહીં વિધાતાએ કેમ લખી એવી ઘડી કાલી ?

પુત્ર જતિન, માનાં પયપાન વગર તેંય લીધી વિદાય,
માત્ર સાડા પાંચ માસનું આયુ, તું અમને યાદ રહેશે સદાય,
બેટા, આટલી જ નાની વયે તું દઈ ગયો હાથ તાલી.

અર્ધાંગિની રંજન, તમારો ને મારો રહ્યો ચિર ઘરસંસાર,
આપણાં ત્રણેય સંતાનોને સાચવીને તેં કર્યો છે ઉપકાર,
"પંકજ"- આ ખાલીપો જુઓ,"ખાલી ખુરશી ને દુઃખદ યાદો છે સાલી.

મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા
★★★★★★★
**NOG SS NO 166**
વિષય :-ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક :- ખાલીપાની વ્યથા
પ્રકાર :પદ્ય શબ્દો:૭૩

ખુરશી ભલે ખાલી, હૃદયમાં તું મહેમાન છે,
સૂનું પડેલું આ ઘર પણ તારું જ મકાન છે.

આંખો તો રોજ શોધે છે એ જ
આભાર - નિહારીકા રવિયા જાણીતું રૂપ,
યાદોના શહેરમાં રહેલું તારું જ નિશાન છે.

બેસું છું હું એકલો જ્યારે એ ખુરશીની સામે,
ચૂપચાપ મનમાં જાગતા કેટલાંય અરમાન છે.

દીવાલ, બારણાં, પવન બધા પૂછે તારી વાત,
તારા વગરનું જીવન આજે આખું વેરાન છે.

'મુરલી'ને પૂછશો નહીં આ ખાલીપાની વ્યથા,
ખાલી ખુરશીમાં પણ તારી યાદોનું સ્થાન છે.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જૂનાગઢ)
★★★★★★★
**NOG SS NO: 334**
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક: કેમ કરી ભૂલું?
પ્રકાર: પદ્ય
શબ્દો : ૭૧

ઉપકાર આપના ઘણા,બાપુજી કેમ કરી ભૂલું ?
સ્મૃતિમાં તરવરે યાદો,બાપુજી કેમ કરીને ભૂલું?

લાડ લડાવ્યા ઘણા,ભણાવી ગણાવી તૈયાર કર્યા,
સમાજના વ્યવહારો શીખવ્યા, બાપુજી કેમ કરી ભૂલું?

ગમે તેટલા વિઘ્નો આવે,ચલિત કદી ના થયા,
નિર્ભયતાના પાઠ ભણાવ્યા,બાપુજી કેમ કરી ભૂલું?

યાદ તમારી આવતાં અંતર રડી રહ્યું છે આજે,
સદ્ગુણોથી સમૃધ્ધ કર્યા,બાપુજી કેમ કરી ભૂલું?

ખુરશી ખાલી છે આજે,હૃદયે તસવીર તમારી,
આશીર્વાદથી પાવન કર્યા,બાપુજી કેમ કરી ભૂલું?
મહેશ રાઠોડ ' સ્નેહદીપ '( અમદાવાદ)

# આસો નવરાત્રીની આઠમે વેશ્યા સ્વર્ગે અને પતિવ્રતા નર્કમાં ગઈ! (સંત સુરા)

એક ગામ હતું. ગામમાં એક જ શેરી, સામસામે બે ઘર.

એક ઘરમાં રહે આદર્શ નારી. નામ સાવિત્રી. રોજ સવારે ચાર વાગ્યે ઉઠે, સ્નાન કરે, તુલસીને પાણી રેડે, પતિને પગે લાગે. આખું ગામ કહે - આવી પતિવ્રતા તો કોઈ નથી. સાક્ષાત લક્ષ્મી છે. આસો માસની નવરાત્રી ચાલતી હતી, સાવિત્રીએ આઠમે હવન રાખ્યો હતો.

સામેના ઘરમાં રહે એક વેશ્યા. નામ રંભા. ગામ આખું તેનાથી મોં ફેરવે. સાંજ પડે એટલે તેના ઘરે ઘરાકોના ઘૂઘરા વાગે.

રોજ સવારે સાવિત્રી પોતાના ઓટલેથી રંભાના ઘર તરફ જુએ અને મનમાં વિચારે - ×હાય હાય, કેવી પાપણ છે.× તે રોજ તેના પાપ યાદ કરી કરીને મોં ધોતી. માળા કરતી વખતે પણ તેના મનમાં રંભાના ઘરના અવાજો ગુંજતા. નવરાત્રીમાં પણ તેનું ધ્યાન માતાજીમાં નહીં, સામેના ઘરમાં હતું.

બીજી તરફ રંભા શું કરતી? રોજ સવારે જ્યારે પહેલો ઘરાક જાય અને તે બોણીના પૈસા હાથમાં લે ત્યારે તે સામેના ઘર તરફ જોતી. સાવિત્રીને પૂજા કરતી જોતી. તેની આંખમાંથી આંસુ નીકળી જતા. તે હાથ જોડીને કહેતી - ×હે માતાજી, હે અંબા મા, આ જન્મે તો મારું નસીબ ફૂટી ગયું. હું આ કીચડમાં છું. પણ આવતા ભવમાં મને પેલી સ્ત્રી જેવી પતિવ્રતા બનાવજો.×

એકનું મન વેશ્યાલયમાં, બીજાનું મન પતિવ્રતાના ઘરમાં.

આસો માસની આઠમ આવી. બપોરે બાર વાગ્યે માતાજીનો હુકમ થયો. ધરતી ધ્રુજી. ભયંકર ભૂકંપ આવ્યો. કહેવાય છે કે આઠમે માતાજી જ્યારે તેડું મોકલે ત્યારે કોઈ રોકી ન શકે. તે દિવસે માતાજીનું તેડું બંનેને એકસાથે આવ્યું. બંને એક જ ઘડીએ મરણ પામી.

યમદૂત આવ્યા, બંનેના જીવને યમલોકમાં લઈ ગયા.

યમરાજ બોલ્યા - ×યમલોકમાં પાપ-પુણ્યનો હિસાબ થાય છે, અહીં ભ્રષ્ટાચાર નથી. અહીં મોં નહીં, મન જોવાય છે.×

×સાવિત્રી, તારું શરીર તો પવિત્ર હતું, પણ તેં આખું જીવન બીજાના પાપ ગણી ગણીને બગાડ્યું. તારું મન દિવસ રાત વેશ્યાલયમાં ભટકતું હતું. એટલે તારું સ્થાન ત્યાં જ રહેશે.×

×રંભા, તારું શરીર કીચડમાં હતું, પણ તારું મન કમળની જેમ ઉપર હતું. તેં રોજ બોણી વખતે પસ્તાવાના આંસુ સાથે માતાજીને યાદ કર્યા. તારું મન રોજ પતિવ્રતાના ઘરમાં હતું. એટલે તારું સ્થાન સ્વર્ગમાં રહેશે.×


ચુકાદો આવ્યો. આઠમના દિવસે વેશ્યા રંભાને નરી આંખે ન દેખાય તેવા સોનાના અદ્રશ્ય વિમાનમાં બેસાડીને સ્વર્ગે મોકલવામાં આવી અને પતિવ્રતા સાવિત્રીને નર્કના દરવાજે ઉભી રાખવામાં આવી!

બોધ : ભગવાન કપડા નથી જોતા, ભાવ જુએ છે. તમે શું કરો છો તેના કરતા તમે શું વિચારો છો તે વધુ મહત્વનું છે. મન જ બંધન છે અને મન જ મુક્તિ છે. આઠમના દિવસે માતાજી પણ મનનો જ હિસાબ કરે છે!

લેખક: સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા )સુરત

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બહેન વાસંતીબેન મોદી પરિવાર સાથે ડાંગના પ્રવાસે...

**આહવા, ડાંગ:**
**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના બહેન વાસંતીબેન મોદી, તેમના પતિ શ્રી હસમુખભાઈ મોદી ડાંગ જિલ્લાના પ્રવાસે આવ્યા હતા. ડાંગની મનોહર પ્રકૃતિ, પવિત્ર ધાર્મિક સ્થળો અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને નજીકથી માણવાના હેતુથી તેમણે જિલ્લાના વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી.**
**ડાંગ પ્રવાસ દરમિયાન વાસંતીબેન મોદી, હસમુખભાઈ મોદી એ શબરીધામ, પંપા સરોવર, પાંડવ ગુફા, અંજની કુંડ, બિલમાલ (તુલસીગડ) ખાતે આવેલ અર્ધનારેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન અને મુલાકાત કરી હતી. ઉપરાંત, સુબીર ખાતે અસીમાનંદ સ્વામીજી ના આશીર્વાદ લઈ વાસુર્ણા ખાતે આવેલ તેજસ્વીની સંસ્કૃતિ ધામમાં બ્રહ્મવાદીની પૂજ્ય હેતલદીદી ના સાનિધ્યમાં શિવાશ્રય તેજસ્વીની કન્યા છાત્રાલયની દીકરીઓ સાથે સાંજ ની આરતી અને મહાપ્રસાદ નો લાભ લીધો. પૂજ્ય દીદી ને ત્યાં ભણતી ૫૦ દીકરીઓના શિક્ષણ સાથે સ્વચ્છતા, સંસ્કાર,સંસ્કૃતિ અને સહાનુભૂતિના ગુણ જોઈ વાસંતીબેન તથા હસમુખભાઈ સાથે પધારેલ પૂરા મોદી પરિવાર ખૂબ જ આનંદથી વિભોર થઈ ગયા.**
**પ્રવાસ દરમિયાન તેઓ આહવા ખાતે ગિરીશભાઈ મોદી (ઉપપ્રમુખ, સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ ગુજરાતના નિવાસસ્થાને પણ પધાર્યા હતા.) જ્યાં પરિવારજનો દ્વારા તેમનું આત્મીય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે તેમણે ગીતાંજલિ સ્કૂલની પણ મુલાકાત લીધી હતી.**
**આ સમગ્ર ડાંગ પ્રવાસ દરમિયાન ગિરીશભાઈ મોદી,**



**અમરનાથ જગતાપ અને બીબીબેન ચૌધરી તેમની સાથે રહી પ્રવાસ વ્યવસ્થા તથા માર્ગદર્શનની કામગીરીમાં સહભાગી બન્યા હતા.**
**ડાંગના સુંદર પ્રાકૃતિક વાતાવરણ, પવિત્ર ધાર્મિક સ્થળો અને સ્થાનિક લોકોની આત્મીયતા વચ્ચે વાસંતીબેન મોદી એ ડાંગની સફરનો આનંદ માણ્યો હતો.**

# ભારતની સમુદ્રી શક્તિ વધી રહી છે, નૌકાદળ દેશની સુરક્ષાનું મજબૂત કવચ: રક્ષામંત્રી રાજનાથ સિંહ







રક્ષામંત્રી રાજનાથ સિંહે ૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિશાખાપટ્ટનમમાં પૂર્વી નૌકાદળ કમાન્ડ દ્વારા આયોજિત 'બારાખાના' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે ભારતીય નૌકાદળના જવાનો અને તેમના પરિવારજનો સાથે સંવાદ કર્યો હતો. રક્ષા મંત્રીએ દેશના સમુદ્રી હિતોની સુરક્ષા માટે નૌકાદળના જવાનોની અડગ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. સાથે જ નૌકાદળના જવાનોના પરિવારજનોના યોગદાન અને બલિદાનને પણ બિરદાવ્યું હતું.

ભારતીય નૌકાદળની વધતી યુદ્ધક ક્ષમતાનો ઉલ્લેખ

રાજનાથ સિંહે ભારતીય નૌકાદળને શક્તિશાળી સમુદ્રી શક્તિ તરીકે ઉભરી રહેલું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ભારતીય નૌકાદળની ક્ષમતાને માન્યતા મળી રહી છે અને નૌકાદળ તમામ પરિસ્થિતિઓમાં દેશની સમુદ્રી સરહદોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. રક્ષા મંત્રીએ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન નૌકાદળની નિર્ણાયક ભૂમિકાનો ઉલ્લેખ કરતાં 'ઓપરેશન ટ્રાઇડન્ટ'ને યાદ કર્યું હતું. આ ઓપરેશન દરમિયાન ભારતીય નૌકાદળે કરાચી બંદર પર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે આ અભિયાને નૌકાદળની રક્ષણાત્મક સાથે જરૂર પડે ત્યારે આક્રમક ક્ષમતા પણ દર્શાવી હતી.સ્વદેશી સંરક્ષણ ક્ષમતાને પ્રોત્સાહન

રાજનાથ સિંહે કહ્યું કે ભારત ૨૧મી સદીના બદલાતા સુરક્ષા પરિદૃશ્ય સાથે પોતાની નૌકાદળની ક્ષમતામાં સતત વધારો કરી રહ્યું છે. દેશમાં સ્વદેશી વિમાનવાહક જહાજો, પરમાણુ સબમરીન, સ્ટીલ્થ ફ્રિગેટ્સ અને સ્કોર્પિન શ્રેણીની સબમરીન સહિત આધુનિક પ્લેટફોર્મનું નિર્માણ અને નૌકાદળમાં સમાવેશ થઈ રહ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે નૌકાદળની શક્તિ માત્ર યુદ્ધજહાજો, સબમરીન અને આધુનિક ટેક્નોલોજી સુધી મર્યાદિત નથી, પરંતુ તેના જવાનોની વ્યાવસાયિક કુશળતા, દેશભક્તિ, સાહસ અને પ્રતિબદ્ધતા પણ તેની તાકાતનો મહત્વનો આધાર છે.

ભારતની સમુદ્રી શક્તિ વધી રહી છે, નૌકાદળ દેશની સુરક્ષાનું મજબૂત કવચ: રક્ષામંત્રી રાજનાથ સિંહભારતની સમુદ્રી શક્તિ વધી રહી છે, નૌકાદળ દેશની સુરક્ષાનું મજબૂત કવચ: રક્ષામંત્રી રાજનાથ સિંહ

રક્ષામંત્રી રાજનાથ સિંહે ૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિશાખાપટ્ટનમમાં પૂર્વી નૌકાદળ કમાન્ડ દ્વારા આયોજિત 'બારાખાના' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે ભારતીય નૌકાદળના જવાનો અને તેમના પરિવારજનો સાથે સંવાદ કર્યો હતો. રક્ષા મંત્રીએ દેશના સમુદ્રી હિતોની સુરક્ષા માટે નૌકાદળના જવાનોની અડગ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. સાથે જ નૌકાદળના જવાનોના પરિવારજનોના યોગદાન અને બલિદાનને પણ બિરદાવ્યું હતું.

ભારતીય નૌકાદળની વધતી યુદ્ધક ક્ષમતાનો ઉલ્લેખ

રાજનાથ સિંહે ભારતીય નૌકાદળને શક્તિશાળી સમુદ્રી શક્તિ તરીકે ઉભરી રહેલું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ભારતીય નૌકાદળની ક્ષમતાને માન્યતા મળી રહી છે અને નૌકાદળ તમામ પરિસ્થિતિઓમાં દેશની સમુદ્રી સરહદોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. રક્ષા મંત્રીએ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન નૌકાદળની નિર્ણાયક ભૂમિકાનો ઉલ્લેખ કરતાં 'ઓપરેશન ટ્રાઇડન્ટ'ને યાદ કર્યું હતું. આ ઓપરેશન દરમિયાન ભારતીય નૌકાદળે કરાચી બંદર પર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે આ અભિયાને નૌકાદળની રક્ષણાત્મક સાથે જરૂર પડે ત્યારે આક્રમક ક્ષમતા પણ દર્શાવી હતી.

સ્વદેશી સંરક્ષણ ક્ષમતાને પ્રોત્સાહન

રાજનાથ સિંહે કહ્યું કે ભારત ૨૧મી સદીના બદલાતા સુરક્ષા પરિદૃશ્ય સાથે પોતાની નૌકાદળની ક્ષમતામાં સતત વધારો કરી રહ્યું છે. દેશમાં સ્વદેશી વિમાનવાહક જહાજો, પરમાણુ સબમરીન, સ્ટીલ્થ ફ્રિગેટ્સ અને સ્કોર્પિન શ્રેણીની સબમરીન સહિત આધુનિક પ્લેટફોર્મનું નિર્માણ અને નૌકાદળમાં સમાવેશ થઈ રહ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે નૌકાદળની શક્તિ માત્ર યુદ્ધજહાજો, સબમરીન અને આધુનિક ટેક્નોલોજી સુધી મર્યાદિત નથી, પરંતુ તેના જવાનોની વ્યાવસાયિક કુશળતા, દેશભક્તિ, સાહસ અને પ્રતિબદ્ધતા પણ તેની તાકાતનો મહત્વનો આધાર છે.

# એક નજર અમદાવાદના આદિવાસી સંગ્રહાલય તરફ..


અમદાવાદઃ (વસંત મહેતા સિનિયર પત્રકાર ) આખાય વિશ્વના જુદાજુદા દેશમાં અનેક સ્થળોએ આદિવાસી પ્રજાનો વસવાટ છે. વિશ્વમાં વસતા આદિવાસી સમુદાયની સંસ્કૃતિનું જતન થાય જાગૃતિ ફેલાય એ તમામ સ્તરે પ્રયત્નો થતા રહે છે. ગુજરાત વિદ્યાપીઠ સંકુલમાં એક આદિવાસી શોધ પ્રશિક્ષણ સંસ્થાન આવેલું છે. જેમાં એક વિશિષ્ટ આદિવાસી સંગ્રહાલય છે. આદિવાસી શોધ અને પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના ગુજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં ૧૯૬૨માં કરવામાં આવી હતી.આદિવાસી શોધ પ્રશિક્ષણ સંસ્થાના ઉદેશ..આદિવાસીઓના જીવનની પરિસ્થિતિઓ સમસ્યાઓનું અધ્યયન કરવું. આદિવાસી સમાજ ધરાવતા વિસ્તારોમાં કાર્યક્રમો કરવા. આદિવાસીઓની સમસ્યાઓનું દસ્તાવેજીકરણ કરી યોગ્ય ટેકનિકથી સંગ્રહ કરવો. આદિવાસીને લગતા જુદા જુદા વિભાગોને તાલીમ આપવી.

આદિવાસી શોધ પ્રશિક્ષણ સંસ્થાના મુખ્ય લક્ષમાં શોધ, તાલીમ અને આદિવાસી સંગ્રહાલયનું સંચાલન કરવાનો છે.આદિવાસી



સંગ્રહાલયના સંચાલક ડો. કનુભાઈ વસાવા એ જણાવ્યું કે ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંગ્રહાલયમાં ગુજરાતના આદિવાસી સમાજના લોકો અંબાજી, અરવલ્લી, વિંધ્યાચલ, સાતપુડા જેવી પર્વતમાળાઓ વલસાડ, ઉમરગામ જેવા ભૌગોલિક સ્થળોએ આદિવાસી સમાજના લોકો વસવાટ કરે છે. આ આદિવાસીઓની રોજ બરોજની જીવન શૈલી સાથેનું અદભુત પ્રદર્શન લોકો સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ છે.ગુજરાત રાજ્યમાં પચ્ચીસ જેટલા આદિવાસી સમુદાય જોવા મળે છે. જેમાં ભીલ, હળપતિ, ઢોડિયા, ગામિત,ચૌધરી, રાઠવા, ધાનકા, વારલી, પટેલિયા, કોંકણા, નાયકા, સીદી વગેરે મુખ્ય આદિવાસી સમુદાય છે.આ સાથે સંગ્રહાલયમાં આબેહુબ રહેઠાણ જીવન શૈલી સાથે શિલ્પકલા, ચિત્રો, આજીવિકાના સાધનો, પોષાક, પ્રસાધન, વાદ્ય ઉપકરણ, રમકડાં જેવી ઉપયોગમાં આવતી વસ્તુઓનો મુકવામાં આવી છે. બીજી તરફ આદિવાસી સંગ્રહાલયની સુંદરતા જળવાઇ રહે એ માટે નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે.

## ક્લાપ્રેમી મનુભાઈ દીક્ષિત ડીગાજીનો આજે જન્મદિવસ..૮૫માં વર્ષમાં પ્રવેશ



ગુરુકુલ હાઈસ્કૂલ સોનગઢનાં નિવૃત શિક્ષક તેમજ જનસંઘ સમયનાં પીઢ નેતા અને સિહોર તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ કલામર્મજ્ઞ મનુભાઈ દીક્ષિત ડીગાજી નો તારીખ ૭-૧૦-૨૬ને બુધવારનાં રોજ જન્મદિવસે તેઓ ૮૪ વર્ષ પૂરા કરી ૮૫ માં વર્ષમાં પ્રવેશ કરશે તો સર્વે સ્નેહી-મિત્રો,સગા-સંબંધી અને ક્લાપ્રેમીઓની શુભકામનાઓ અને દુઆઓ વરસતી રહે એ જ સૌથી મોટું સદભાગ્ય.તેઓ પોતાનો જન્મદિવસ ભાવનગર ખાતે પોતાનાં પરિવાર સાથે ઉજવશે સૌ પ્રેમીજનોને બાપા સીતારામ

# હાલો ભૈરૂ ગામડે અભિયાન અંતર્ગત ચાવજ ગામે ભવ્ય કાર્યક્રમ



આજરોજ ભરૂચ તાલુકાના ચાવજ ગામે ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા દ્વારા "હાલો ભૈરૂ ગામડે" અભિયાન અંતર્ગત ખૂબ જ સફળ અને ઉત્સાહસભર કાર્યક્રમ યોજાયો.


આ કાર્યક્રમમાં ભરૂચ તાલુકા વિધાનસભાના ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રી સાહેબ, ભરૂચ જિલ્લા સંગઠનના મહામંત્રી શ્રી પરેશભાઈ પટેલ, ભરૂચ જિલ્લા કિસાન મોરચાના જિલ્લા પ્રભારી શ્રી અજીતસિંહ રાઉલજી, જિલ્લા કિસાન મોરચા પ્રમુખ શ્રી રાકેશભાઈ પટેલ, કિસાન મોરચાના મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહજી રણા અને શ્રી હિતેશભાઈ પટેલ, પ્રાકૃતિક ગૌસેવા સેલના કન્વીનર શ્રી જયદીપસિંહ યાદવ, જિલ્લા ઉપાધ્યક્ષશ્રીઓ શ્રી શૈલેષભાઈ પટેલ તથા શ્રી બ્રીજેશભાઈ પટેલ,હરદીપસિહ,વિક્રમભાઈ દેસાઈ ભરૂચ તાલુકા તથા ભરૂચ શહેર કિસાન મોરચાના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા.તેમજ ચાવજ ગામના સરપંચ શ્રી પર્વદિશભાઈ પટેલ સહિત ગામના ખેડૂત આગેવાનો અને મોટી સંખ્યા માં ઉપસ્થિત રહેલા. ખેડૂતોના ઉત્સાહ અને સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો. ખેડૂત સુધી સરકારની યોજનાઓ અને માર્ગદર્શન પહોંચાડવા, પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તથા ખેડૂતોની આવક અને ઉત્પાદન વધારવાના સંકલ્પ સાથે "હાલો ભૈરૂ ગામડે" અભિયાન સતત આગળ વધી રહ્યું છે.

## કસ્તુરબા બાલિકા વિધાલય, નડીયાદ જિ.ખેડામાં કન્યા સશક્તિ કરણ નો અનોખો પ્રયોગ,



વોર્ડન પારૂલબેન ગઢવી અને સહાયક, કોકિલાબેન ના પ્રયાસ થી આજ રોજ સવારની પ્રાર્થના સભામાં કરવામાં આવેલ. જે માં તલગાજરડા ના ચિત્રકૂટ અને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક શ્રી જીતેન્દ્ર વાજા દ્વારા "ભાર વિનાનું ભણતર" અંતર્ગત જાદુઈ પ્રયોગો અને કઠપૂતળી ના માધ્યમથી પોતે બનાવેલ, શૈક્ષણિક સહઅભ્યાસિક સાહિત્ય દ્વારા,વિવિધ પ્રાણીઓ, પક્ષીઓનો પરિચય કરાવેલ તેમજ વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધા જાગૃતિ, નાણાંનું મૂલ્ય, વિવિધ સાપની માહિતી બાળકો સામે કઠપૂતળી અને અભિનય કલાથી રસ પૂર્વક રજૂ કરી. શારીરિક અને માનસિક પ્રવૃતિઓ દ્વારા, કન્યાઓમાં નવી ઉર્જા શક્તિ નો સંચય કર્યો.કન્યાઓ એ ખૂબ પ્રફુલિત થઈ આ આખા કાર્યક્રમ માં ઉત્સાહ થી સામેલ થઈ .આનંદદાયક હાસ્ય, જનરલ નોલેજ તેમજ વિવિધ શૈક્ષણિક સાહિત્ય દ્વારા કન્યાઓના સર્વાંગી વિકાસ અર્થે , તેઓ એ પોતાની આગવી કલા અને સૂઝબૂઝ થી કન્યાઓને ખૂબ જ સરળ, આનંદદાયક અને રસપ્રદ રીતે શિક્ષણ આપ્યું. તેમની આગવી શિક્ષણ પદ્ધતિ અને પ્રસ્તુતિથી કન્યાઓને ખૂબ જાણવા અને માણવા મળ્યું. ઉત્સાહ, જિજ્ઞાસા અને શીખવાની ભાવના વધુ પ્રબળ બની. શિક્ષણને માત્ર પુસ્તક પૂરતું મર્યાદિત ન રાખી, રમત, મનોરંજન અને પ્રવૃત્તિ દ્વારા કન્યાઓને શીખવવાનો તેમનો પ્રયાસ ખરેખર પ્રશંસનીય અને પ્રેરણાદાયી રહ્યો. કન્યાઓ ના ચહેરા પરનો આનંદ અને તેમની સક્રિય ભાગીદારી, આ કાર્યક્રમ દ્વારા કન્યાઓને આનંદ સાથે શિક્ષણ આપ્યું અને બહેનો ને પણ નવીન શિક્ષણ પદ્ધતિઓ માટે પ્રેરણા આપી. આ કાર્યક્રમ માં કસ્તુરબા બાલિકા ની ૨૫૦ જેટલી કન્યાઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

## પાટણના લોકલાડીલા સાંસદ શ્રી ભરતસિંહજી ડાભીની મુંબઈ ખાતે ખાસ શુભેચ્છા મુલાકાત



**મુંબઈ ખાતે લોકપ્રિય ટેલિવિઝન ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ ના સેટ પર પાટણના સાંસદ શ્રી ભરતસિંહજી ડાભીએ શુભેચ્છા મુલાકાત લીધી.**
**આ પ્રસંગે બોલિવૂડના મહાનાયક શ્રી અમિતાભ બચ્ચનજી તથા લોકપ્રિય અભિનેતા શ્રી આયુષ્માન ખુરાનાજી સાથે શુભેચ્છા મુલાકાત કરી અને સૌજન્યભરી વાતચીત કરી.**
**આ મુલાકાત દરમિયાન ભારતીય ફિલ્મ જગત તથા સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્ર સાથે જોડાયેલા વિવિધ વિષયો પર પણ ચર્ચા થઈ.**

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., ગાંધીનગર શાખા દ્વારા બેંક પરિસરમાં ભારત માતા પૂજન તથા વિશેષ સન્માન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના ૭૪મા સ્થાપના દિન તથા સ્વ. શ્રી અરવિંદભાઈ મણિયારની ૯૪મી જન્મજયંતિ નિમિત્તે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., ગાંધીનગર શાખા દ્વારા બેંક પરિસરમાં ભારત માતા પૂજન તથા વિશેષ સન્માન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.સ્થાપના દિનની ઉજવણીને અનુરૂપ બેંક પરિસરમાં આકર્ષક રંગોળી કરવામાં આવી હતી તેમજ શાખાને સુંદર રીતે સુશોભિત કરવામાં આવી હતી. આ પ્રસંગે બેંકમાં પધારેલા ગ્રાહકોનું મોં મીઠું કરાવી તેમને સ્થાપના દિનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમનો પ્રારંભ શાખા મેનેજર શ્રીમતી રિદ્ધિબેન શાહના સ્વાગત પ્રવચનથી થયો હતો. ઉપસ્થિત મહાનુભાવો, શાખા વિકાસ સમિતિના સભ્યો, વરિષ્ઠ ગ્રાહકો તથા સ્ટાફ પરિવારની ઉપસ્થિતિમાં ભારત માતા તથા સ્વ. શ્રી અરવિંદભાઈ મણિયારના ફોટોચિત્ર સમક્ષ પૂજન અને વંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાખા વિકાસ સમિતિના કન્વીનર ડો. ભરતભાઈ જૈન, સહ-કન્વીનર શ્રી નીતિનભાઈ પટેલ તેમજ સમિતિના સભ્યશ્રીઓ શ્રી હિતેશભાઈ પંડ્યા, શ્રી રસિકભાઈ પટેલ, શ્રી પંકજભાઈ ચુડાસમા, શ્રી શૈલેષભાઈ માંડલિયા અને શ્રી દીપકભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

**Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat**